ગુજરાતી

પિંગળ ચોપડીના અર્થ

કવિતાના અન્વય સાથે

બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર

કાંકુચંદ મહાસુખરામ.

આવૃતી પેહેલી.

અમદાવાદ

[illegible] સાથ

શા હીરાભાઈ પુનસીના મકાનમાં

ચંદ્રોદય પ્રેસમાં

કાળીદાસ મોકમચંદે છાપ્યા

કીમત ૨ આના.

ગુજરાતી બીજી ચોપડીના

અર્થ

પાઠ ૧.

ઉકેલતાં-વાંચતાં. ફેરવતાં.
શિખામણ-બોધ, ઉપદેશ.
મઝાની—સારી, ખાસા, સરસ, સુંદર.
સાચવજો—જાળવજો, સંભાળજો, રક્ષણ કરજો.
બોલીએ—ભાખીએ, વદીએ, ઉચ્ચરીએ.
અક્ષરે-દસકતે, હરફે
આવડ્યા—શીખ્યા
સાંભળે-સુણે, શ્રવણ કરે.
બગાડશો—ખરાબ કરશો
તાણીને—ખેંચીને
વાતો—કથાઓ, કહાણીઓ.
મહેનત—મજુરી, વૈતરું, શ્રમ
ધીમે—હળવે, ઠંડકે આરામે
સાદે-ઘાંટે, નાદે.

પાઠ ૨

શોભાય—સારી દેખાય.
કારજ-કામ. અર્થ, મતલબ.
હૈયું-મન, દીલ અંતઃકરણ.
ચોપડીઓ—બુકો, પોથીઓ, પુસ્તકો.
હરખાય-ખુશી થાય, રાજી થાય.
સમજણ—અક્કલ, બુદ્ધિ, ગતાગમ.
વીગતથી—સારી રીતેથી
સાર-સારાંશ, મતલબ, શોધન તાત્પર્ય, અર્થાંત.
વિષે—બાબત.

પાઠ ૩

લાવ્યો-આણ્યો
પૂછ્યું -પુછપરછ કરી, [illegible]

જ કરી.

રાણો—રાજા.

બારણામાં—દ્વારમાં, ઘરમાં, દ
રવાજામાં.

પસાશે-જવાશે, અવાશે.

પાટો—લુગડાનો લાંબો કકડો,
બંધન.

અકલી-પલી.

ભાગ—હિસ્શો, કકડો.

બોલ્યા-કહ્યું.

પાઠ ૪

ફરિયાદ-દાદ, અરજ, વીનંતી.

એકલા-પંડે, જાતે.

પકડાવી-ઝલાવી.

મંગા વ્યો-આણાવ્યો.

મહારાજા—મોટા રાજા.

ગભરાઈને—અકળાઈને, બી
હીને, ગુંચાઈને.

હુકમ—અમલ. આજ્ઞા, ફરમા
ન, અખતિયાર, સત્તા.

રીસ—ક્રોધ, કરડા, નામરજ;

પેટ—ઉદર.

કુવા—કુંપ.

ધુમેધુમ—ઘાંટઘાંટા, હોકારે
હોકારા, બોશીઓસ.

ગોવાળીયો—ઢોર ચારનાર.

ગોવાળ—ગાયોનો રખવાળ.

છેવટ—આખર. છેલ્લે.

ગોવાળણ—ગોવાળની વહુ.

વાળ્યું-દીધો, આપ્યો

કાહાડ્યો—ઉપર આણ્યો.

કુટી—ભાગી.

પોળી— એક પડની રોટલી.

પાઠ ૬

તપાવી—ગરમ કરી, ઉની કરી.

પાટલા—બાજોઠીયા.

લુચ્ચાઈ—ઠગાઇ,ખોટાઇ, ડંડાઇ

ઠોક્યો—માર્યો, કુટ્યો.

લાલચોળ-રાતુચોળ.

લોહોડી—તવો.

દાઝી-બળી.

શોનાના-કનકના, હેમના.

પાઠ ૭

ગાગર—માણ, ઘડાના કરતાં મો
ટુ પાણી ભરવાનું વાસણ.

ઓસડ—દવા, અઉષદ.

ઝેર—વીખ

સાજી-તાજી, સારી હતી તેવી

છોકરી—છોકરા, છોરી, દીકરી, બેટી.

રોજ—હમેશ, નિત્ય.

મેલાં—ગંદા.

પાઠ ૮

વરસાદ—મેહ, મેઘ, ઘન.

ઘેબરીયો-ઘેબરના જેવા મોટા

પ્રસાદ-ભોજન, સામગરી, નૈવેદ્ય

નેવલે—નેવે.

કારેલાનું—એક જાતની લાબી તરી શાક.

ગાજે-રાળ કાહાડીને બોલજે.

દેડકા-મેડક, દાદુર.

ગીત—ગાયન, ધોળ, ગાનતાન

ઠીક—સારૂ, બેશ.

સમજેછો—જાણોછો.

પાઠ ૯

એકજ—સરખુ, બરોબર.

જગુરા—ખરૂ, ઓજ.

બસાય—અટાય.

પારકો—બીજા કોઈનો.

પાઠ ૧૦

જાળવે-સાચવે, સંભાળે.

રક્ષણ કરે, જતન કરે.

રાતે-નિશાએ, જામનીએ, રજનીએ, રાત્રીએ.

પટેલ—કણબી, ગાડા હાંકનાર

નીરે-નાખે, ખાવાનું મુકે.

સભાળ-રક્ષણ, તજવીજ.

જતન—આસના વાસના, સંભાળ, સાચવણી.

જકડી—હઠીલું, આડું, મતીલું.

વાછરડું—ગાયનું બચ્ચું, રેવડું.

વાડો—છીંડી, ઢોર બાંધવાની જગા.

પાડું-ભેંશનું બચ્ચું

ગાયો—ગૌઓ, ધેનુઓ.

સવારે-વાહાણે.

પાઠ ૧૧

ચેન-ખુશી, ગમત, સુખ, આનંદ.

અહીંઆથી—આ જગાએથી અંતરેથી.

બંધીખાને-કેદખાને, જેલમાં.

ફરાપ-જવાપ, ચલાપ, ઉભાપ.

વિચાર-તર્ક, તુરંગ, કયાસ, મનસુબો.

વાંશે-પાછળ [illegible]

નીસરો—નીકળી, નાશી

લાગ—વખત, સમય, દાવ, અ વસર તક.

સમજાવ્યું—શિખામણ આપી.

બુઠ્ઠું-કમાન વગરનું, વબુઠ્ઠું.

પાઠ ૧૨

ફાવ્યો—ભાવ્યો, આવ્યો

અણસમજ—અજ્ઞાન, બુદ્ધિ વ ગર, ગત વગર.

વગડામાં—જંગલમાં, અરણ્ય માં, વનમાં

કોતર—બાખુ, ગુફા

સટકી—નાશી, દોડી

ડાહ્યો—સમજુ, ડાવકો, ચતુર, વિચક્ષણ.

આગળ—અગાઉ, આગમચ, પ્રથમ, પુર્વ.

ભલું—સારૂ ખેશ.

પાડોશી—પાશે રેહેનાર.

પાઠ ૧૩

છેક-છેવટ, અંત.

વાઘ-સારદુલ, શાવજ, ચીતરો.

માન્યું-કબુલ કર્યું.

ચરવાને—ખાવાને

પ્રાણ—આત્મા, જીવ.

દુખીયું-અસુખીયું. દરદવાળું.

ચિત—મન

અવસ્થા—હાલત.

કીધો- કરચો.

વળતી-પછી.

પાઠ ૧૪

પળાળેછે—ભીંજવેછે ભીની કરેછે

ચીકણી-ચીકાશવાળી. ગાઢી.

ઠીકરાના—માટીના, કચરાના.

ભરવાના-ઓરવાના, નાખવાના.

આંતરકે—જમાવે, મેળવે

જાત પ્રકાર.

કોડીયાં-દીવા કરવાના વાસણ.

નરમ-પોચું, ઢીલું.

માટી-મટોડી.

થાયછે—બનેછે

ગોળીઓ-મોટી માટલીઓ.

પાઠ ૧૫

પાળે—કાંઠે, તટે, કીનારે

વાગ્યા—લાગ્યા.

બગાડ-નુકશાન જાન, ખરાબી.

ફેંકવા—ઉશેટવા, નાખી દેવા.

કાતરે—કુંટાણેલું.
મંડ્યા—મચ્યા.
તળાવ—નાનું સરોવર, મોટામાં મોટા કુંડ
પથરે—પહાણે
જવાબ—ઉત્તર,
ધડાધડ—ધબાધબ, ભડાભડ
કશાએ—કાંઈએ
ખરૂં—સાચું, બરોબર વાજબી
ગરીબ—બચારો. બાપડો. કંગાલ, અનાથ, રાંક.

પાઠ ૧૬

બેનપણી—સહીપણી, સખી, સેપર, ગોઠિયણ.
નોતરૂં—આમંત્રણ, તેડું
ભુંગળી—નળી.
વેલણું—રોટલી વણવાનું રાચ.
તપેલી—નાનું તપેલું.
કડછી—રશોઇ કરવાનું રાચ
તાસક—રકેબી, નાનીથાળી
વખત—વેળા, સમય, કાળ
રાંધ્યું—ખાવાનુંકર્યું
તે વડે—તેનાથી.
થાળી—ધાતુની રકાબી
મોં આગળ—નજીક, પાસે.
વાડકા—કટોરા

પાઠ ૧૭

મચ્યા—ખાંમાં કાતરે બાકી
ધાણી—શેકવાથી ફુલેલું અનાજ.
ખાવાનું—જમવાનું ભોજનકરવાનું
પુંઆ—ડાંગેરને ખાંડેથી ચપટું થાય છે તે
ભાંડવું—ગાળો દેવી, કુવચન કેહેવાં.
ટેવ—આદત, લત, રીત, ચાલ, ખો
બા—બેહેન.
લડે—વઢે.
કજીઆ—કંકાસ, ટંટો.
મેહેતાજી—ગુરૂ, પંડ્યા, ભણાવનાર માસ્તર.
વેહેલી—તાકીદ, ઝટ, તાબડતોબ

પાઠ ૧૮

છોટીઆ—નામ છે.
નાનું—છોટું.
મેલાય—મુકાય, છોડાય.
ભાણો—ભાણેજ, બેહેન તથા દીકરીનો દીકરો.
આટલી—હાવડી.

વાર—વખત, વેળા, કાળ
દેખાય-જોવાય, જણાય. દ્રષ્ટીએ આવે, નજરે પડે.
રોતો-રડતો, આંસુ પાડતો
ચે-પકડ, ઝાલ.
તેડવા-બોલાવવા
ભાઈ—બંધવ, ભ્રાત
અલી-સખી બેહેનપણી.

પાઠ ૧૯

નિશાળીઆ—વિદ્યાર્થી, નિશાળમાં ભણનાર.
લાકડી-છડીકા, ઘોકા, ડંગોરી.
ભણેલા—શીખેલા, વિદ્વાન
પરીક્ષા—તપાસ, અજમાયશ, તજવીજ, કસોટી.
ઈનામ—સરપાવ, બક્ષીસ.
બાકી—અધુરૂ, શેષ.
જોવા—તપાસવા.

પાઠ ૨૦

ઉતાવળ—જલદી, તાકીદ, તાબડતોબ.
સામટુ—એકદમ, એકીવારે.
નીકળ્યો—બાહાર આવ્યો
ઝડો- ખાચ્યો.
બોર—બોરડીના ફળ
હાથ—ભુજ, કર, હસ્ત.
સાંકડું—નાનું

પાઠ ૨૧

પુંછડિયો—પુંછડાવાળો.
ખીજવવું—ચીડવવું.
હજમ—ચાંપજો, વાકેદ,
બાંડો—વગર પુંછડાનો.
કપાણી—વઢાણી
ચીડવે—ખીજવે.
સાત પુંછડીયો-સાત પુંછડાવાળો

પાઠ ૨૨

કામકાજ—જરૂર, અગત્ય.
કોદાળી—ખોદવાનું લોઢાનું હથિયાર.
મજુર—વેતરો, હેલકરી.
સાંચા—અસલ
ભિખારી-ગરીબ, રાંક. અનાથ.
બાપડીઓ—સ્ત્રીઓ. બચારીઓ.
દરજી—મેરાઈ, સઈ.
ધોબી—પરીયટ, લુગડાં ધોનાર.
સુતર—કાંતેલું રૂ.
મોતીના—મોતીના આકારના

અપં—જરૂર, અગત્ય.
કાંતે—સુતર કાઢે.

પાઠ ૨૩

ધ્યાન-નજર
ફરતા—ભટકતા, આથડતા.
માયા-પ્યારતી, હેત, પ્રીતિ.
ચઢવું—લઢવું
પાંતરા—શીંગા.
વેળાસર—વખતસર.
મન—અંતઃકરણ
ભુલ—ચુક.
પાઠ—ધડો.

પાઠ ૨૪

નિત્યે-રોજ, હમેશ, દરરોજ,
ચિત્ત-ધ્યાન, નજર, લક્ષ, કાળજી
રૂડી—સારી, બેશ.
ગુરૂની—મેહેતાજીની
ચોડી-લગાડી. ચોટાડી
શિક્ષ-શિખામણ
સમજો—શીખો
પાધરૂ-પાધરૂં, સીધું, ઉભુ

પાઠ ૨૫

વિદ્યાવાની—ભણવાના
ગાડાંવાળો—ગાડું હાંકનાર

રોકીને-ઘેરીને
નીચે-હેઠળ
વિચાર્યું—ધાર્યું
રસ્તો—મારગ, પંથ
ઠેકાણું—જગો, મુકામ
ભિખારે-ગરીબ, અનાથ, રાંક
સારી—બેશ, સુંદર

પાઠ ૨૬

ટોપલી—સુંડલી
નળીયાં—નેવાં
કોપરાં—ટોપરાં
ભીંત—દીવાલ
છાંયું—ઢાંકણ કર્યું
દાણા—અનાજ
મારગ—રસ્તો, પંથ
છાપરૂ—ઘરનું ઢાંકણ
ન્યારો—જુદો
કનેથી—પાસેથી
ધણી—માલીક
દાંડા—દંડા
કમાડ—બારણાં

પાઠ ૨૭

ભીતરડી—દીવાલ, ભીંત
ઉઘાડો—[illegible]

છાયાં—ઢાંક્યાં
કેરાં—નાં, છઠ્ઠીનો પ્રત્યય
રખડવા—આથડવા, રઝળવા.
બારણું—કમાડ, દ્વાર.
આડું—અવળું, વાંકું
વાળીને—અટકાવીને, બંધ કરીને
વહે—હવાલ હાલત
જોજે—તપાસજે, સંભાળજે
ઉઘાડજે—ખોલજે
માને—કબુલ કરે, સ્વીકારે
શી—કેવી
કાલે—બીજે દહાડે

પાઠ ૨૮

અમથી—અમસ્તી, નકામી
બાહાર—બારણે
આવડતું—આવડીનું
રઝળવા—રખડવા
સુખી—આનંદી
જોડેલી—બનેલી, કલ્પેલી
ખરી—સાચી
બનેલી—થએલી

પાઠ ૨૯

રાતો—રકતો
[illegible]—[illegible]માં

નહોર—નખોરીયા
પાહોળું—વીસ્તીર્ણ
ચોપડ્યાં—લગાડ્યાં
તાણતો—ખેંચતો
ભેંકડો—જોરથી રોવું
ઉંદરડી—ઉંદરની માદા
લાહે—અગનીઓ, ગરમીઓ,
બળતરાઓ
સરખી—બરોબર
મુકી—મેહેલી
સુતો—પોઢ્યો

પાઠ ૩૦

તાંબુ—લાલ રંગની ધાતુ
ચોળાશપર—સહેતીપર
તાંબાકુંડીયો—તાંબાના કુંડાં
અથડાય—કુટાય, અફળાય
માંજેલાં—અજવાળેલાં
પીતળ—પીળી ધાતુ
ગરમું—ધાતુનું વાસણ
ગોભાય—ખાડો પડે
ચળકતાં—ઝળકતાં, ઝગમગતાં
કથરોટ મોટા તાંબાનો વાટો
લોટો—પાણી પીવાનો ગોળ
આકારના વાસણ

પાઠ ૩૧

નાનીશી—જગાર જેટલી

પોતડી—ધોતલી

પીછોડી—ખેસ, દોપટો

કીરકોરી—રેશમી કોરની

પાઘડી—પાઘોટી, પાગ

હલકી—જુજ કીમતની

જામદાની—બારીક, બુટાવાળું
લુગડું

અંગરખી—નાની ડગલી

દીકરો—છોકરો, ઓરણજાયો
છૈયો પુત્ર

ટોપી—માથે પહેરવાનું વસ્ત્ર.

કાકા—બાપનાભાઈ

આંક—આંકડા, રેખા

નામાં—નામ

પહેરીને-વાળીને

પાઠ ૩૨

વાગોળવું-પશુનું ગળામાંથી
પાછું લાવી ચાવવું

માખણ—દુધનું તત્વ

ખરીઓ-પશુના પગનાનખ

હલાવે—હીલવે

ફાટ—ચીરે, તડ

ભાવે—ગમે, પસંદ પડે, માફક
આવે.

ચરેછે-ખાયછે.

મોહો-મુખ, વદન.

ઘણીજ—વધારે, બહુ.

પાઠ ૩૩

ગુણ—નફો, ફાયદો.

અગણીત—ગણાય નહી તેવા

ખાંતે-ઉલટે, હોશે, ખુશીથી

જન-માણસ, પુરૂષ, મનુષ્ય.

પંખી—પાંખવાળા જનાવર

નર—મરદ, પુરૂષ, ભાયડો.

નાર-સ્ત્રી, બાયડી બૈરી, ભા
રજા, ત્રીયા.

આધાર—ટેકો, આશરો, ઓથ

પ્રભુ-ઇશ્વર, પરમેશ્વર, ઈષ્ટદેવ

પ્રાણ—જીવ

જન્મતી—અવતરતી.

સુખદાતાર—સુખ આપનાર.

કહેવાય—બોલાય.

સૌ—બધા, તમામ.

વાર—વખત, સમય

પાઠ ૩૪

ફુમાક—ઓ [illegible]

આસણી—ખાંડને ઉકાળી જા
ડી કરે છે તે.
બુરૂ—ધોએલી ખાંડ.
ઠારે-ટાહાડું પાડે, જમાવે.
વલોવે—દહીંને છાશ કરવાની
ક્રિયા.
માવો—દુધ બાળેથી થએલો
લોચો.
ખડખાં-ગડફા, ઢેખલા.
તાવીને—તપાવીને, ઉનું કરીને,
ગરમ કરીને.
પેંડા—એક જાતની મીઠાઈ.
જામીજાય-બંધાઈ જાય.
લોચો-લચકો, લોંદા.
બાળે—ઉકાળે.
લોચા—લચકા.

પાઠ ૩૫

લેખણ—કલમ, વતરણું.
સંતાડીને-છુપાવીને
છાનીમાની—સંતાડીને, ગુપચુ
પ, ન માલમ પડે એવી રીતે
પડેલી—પડી રહેલી.
માન્યું—સ્વીકાર્યું, કબુલ કરવું.
[illegible], ચાલ.

ચોરની—તસ્કરની, ઠગાની.
જોઈને—તપાશીને, સાચવીને.
ખોટી—જુઠી, સાચી નહી તે.
જુઠો—વાંકા બોલો, લબાડ,
ખોટું બોલનાર.

પાઠ ૩૬

પાવલી-રૂપીયાનો ચોથો ભાગ
માન્યું-કબુલ કર્યું.
ચોરી-તસ્કરનું કામ.
કાગળ—પત્ર.
લટકાવી—ટંગાવી.
કોટ-ગળુ, ડોક.
ફજેતી-બદનામી, અપકીર્તી, આ
બરૂ આબરૂ.
પકડાઈ-ઝલાઈ.
કને—પાશે, નજીક
જુઓ—દેખો, ભાળો, તપાશો.
કોટે—ડોકે.
જોઈ—દેખી, તપાશી, ભાળી.

પાઠ ૩૭

દીકરાની-છોકરાની, છૈયાની.
વઢવું-લઢવું, કજીયો કરવો.
શરમાયો—લજવાયો.
ડ્વાલ—વલે, દશા.

વાળુ—સાંજ વખતનું ભોજન
પેહેલાં—પ્રથમ. આગળ.
તેડાવીને—બોલાવીને.
દુઃખ-કષ્ટ, સંકટ.
વહીને—બહીને.
કશું—કાંઇ.
જણશ-વસ્તુ, ચીજ

પાઠ ૩૮

લેવી—લઈ જવી,
કદી—કોઇ દીવશ, કોઈ વખત
ઉપાય—ઈલાજ
પાપી—દુષ્ટ, કુકર્મી, અધર્મી પાપાત્મ
સ્નેહ—હેત, હેત, પ્રીતી.
દેહ—શરીર, દીલ. કાયા.
રાચે-રીઝે, રાજી થાય, ખુશી થાય.
શોભે—દીપે, સારી દેખાય.
જગપતી-જગકર્તા, જગત બનાવનાર ઈશ્વર.
પુરો-બરાબર, અધુરો નહી તે
માટે—વાસ્તે, કાજે.
બાળક-બચ્ચું, નાનું છોકરૂં.

પાઠ ૩૯

ગાંધીનો-કરીઆણું વેચનારની
બદામ મેવાની જાત.
દુકાન—હાટ. પેઢી.
ઓળખીતો—પીછાનવાળો
દરાખ-દ્રાક્ષ.
કાજુ— એક જાતનો મેવો.
વાટી—કોપરાની કાચલી.
મગફળી— મગની શીંગ.
ખજુર—લીલી ખારેકો
મામા—માનો ભાઈ.
ચારોળી-મેવો.
વળતી-પછી, મોડે.

પાઠ ૪૦

ચંદ્રમા-શશી. સોમ, ચંદ્ર, ચાંદ
સરસ્વતી—વિદ્યા.
વિદ્યા—સરસ્વતી.
ઘણાખરા- ઘણાએક.
દિવસ—દાહાડો, દન.
છુટ્ટી—રજા
રાવવાર— સુર્યનો વાર.
સુરજ-સુર્ય, રવી, પ્રભાકર.
વેહલા-જલદી, તાકીદ.
શુકરવાર—શુક્રનો વાર.

પાઠ ૪૧

જમરી—મજબુત, જબર, બળવાન
વડાણામાં-સવારમાં. ફજરમા
માંસ—ગોસ, માટી.
ચરચાર-ચાર ચાર.
ક્રીડા—જીડા, ખેલ.
કુદનો-ઘેકડા મારતો. ઉછાળા મારતો.
ડોલતે.-ઘુમતો, હાલતો.
સાંજ-આથમતો દીવસ
બાંઠ-જબરો, મસ્તાન
મેહેનતુ-ઉદ્યમી, વેતરૂ કરનાર
માળો—પક્ષીને રેહેવાનું ઘર.
કાગડો—હાડીચો.
કાળો—શ્યામ.
ભોંય—ધરતી. જમીન
મુએલાં—મરી ગએલાં.
બળેછે-પારખેછે, પીછાનેછે
ઉગ્યા—ફુટ્યા, નીકળ્યા

પાઠ ૪૨

પાંખાળો-પાંખવાળો.
રાગ—સ્વર, કંઠ, સુર
રૂપાળો—ખાસો ફુટડો, રૂડો
[illegible]—જલદી તાકીદ.

કાંકરાં-કંકર.
ચાહે-ઇચ્છે.
હણવા-મારવા
જલદી—તાકીદ, ઉતાવળ
ચતુર—સમજુ, શાણો.
કોપ—ક્રોધ.
ચેતી-જાણી, સમજી
ઉડી—ઉપડી.

પાઠ ૪૩

પીતરાઈ—એક વંશના સગા
મોસાઈ—મોસાળની તરફના સગા.
ભત્રીજો—ભાઇનો દીકરો
ભાણેજ-બેહેનનો છોકરો
સાળીએ—વહુની બેહેને.
બનેવી-બેહેનનો વર.
માશો—માશીનો વર.
ફુઆ—ફઇનો વર.
બાપ—બાપ.

પાઠ ૪૪

જમાઇ—દીકરીનો વર.
સંપસંપીને—સલાહથી, એક રાગથી, હળીમળીને
સાવકા—એક બાપને મા જુદી

વેહેવાઇ-વર વહુના બાપનું અરસપરસ સગપણ.
ઓરમાઈ-સાવકા
વેહેવાણ-વર વહુની માનું અરસ પરસ સગપણ.
સગા—કુટંબી

પાઠ ૪૫

ચોહુ—બજાર, મારકેટ.
ફુડાયું—કપાયું
ખાદી-જાડું લુગડું.
દોશીવાડીયા—કાપડ વેચનાર.
વાણોતર-ગમાસ્તો, નોકર.
કાલે—ગએ અથવા આવતે દીવશે.
બાસ્તો—ખાદીથી ચડતું દેશી લુગડું
શેલું—રંગેલી ખાદી.
હાટ—દુકાન પેઢી
જાજમ—શેત્રંજી, બીછાનું.
અંગરખું-કેહેડીયું.

પાઠ ૪૬

મહીના—માસ, મસવાડા
દીવાળી—વરસ આખરનો છેલ્લો દીવશ.
ઉતરાણ—મકર સંક્રાંત
વસંત—રૂતુનું નામ.
પર્વ—તેહેવારનો દીવશ.
રામનવમી—રામજીના જન્મ દીવશ
અખાત્રીજ—વઇશાખ સુદ ૩ નો દીવશ.
વરસ-સાલ, બાર મહીના.
શિઆળો—ઠંડની રૂતુ
ઉનાળો-તાપતી રૂતુ
ટાઢ—ઠંડ
નવું—તાજુ
દેવદીવાળી—દેવની દીવાળી
વસંતપંચમી—માહાસુદ ૫.

પાઠ ૪૭

ચોમાસુ—અનુરમાસ, વરસાદના દિવશ, વર્ષા રૂતુ.
પચુશણ—શ્રાવકના તેહેવારના દિવશ
ગોકળઆઠમ—જન્માષ્ટમી, કૃશ્નનો જન્મ દિવશ
શ્રાવણ—વર્ષનો દસમો મહિનો.
પખવાડીયું—અડધો માસ.
ગણપતિ ચોથ—ભાદરવા સુદ ૪.

પરતાદ—મેહ, મેઘ, ઘન.
સરાદિઆં—ભાદરવા વદ.
તિથિ-તથ, તારીખ, તથી.
ઉતરતાં—પુરા થતાં.
દશેરા—આશોસુદ ૧૦
દીવાશો—શો વર્ષનો માશો, આસોવદ અમાસ
મેળા—તેહેવાર, તમાશા, મેદની
શ્રાવક—જૈનધર્મી લોકો

પાઠ ૪૮

વાજાં-વાજીંત્ર
વરઘોડો—વરને જમવા જવા તથા પરણવા જવાના સ્વારી
સરણાઇ-પીપી, પીપુડી.
નગારાં—તાંસા
ભુંગળ—વગાડવાનું વાજાં જેવું યંત્ર.
ઘડીઆળ—વખત જાણવાનું યંત્ર.
દેવળ દેવસ્થાન, મંદીર.
તતુડાં-રણસિંગા
ઝમકારો-ઝગઝગાટ, ચમકારો
કુંડાળુ -ચકરડું.
મુખાજ—મરદંગ.

નાદ—સાદ. શોર, અવાજ.
ઝાંઝ કાંશીજોડા.
ઘંટ—મોહોટા ઘંટડી.
વાહવા—આહા
ઢોલ—મોટું નગારૂં.
વગાડે—બજાવે.

પાઠ ૪૯

વરસગાંઠ-જન્મગાંઠ, સાલગીરી, જન્મ દિવશ
રાતા—રાઈ ચડાવેલાં.
ઘરેણા—શોના તથા રૂપાની શોભાયમાન પેહેરવાની જણશો,
પેહેરાવ્યાં—ઘાલ્યાં.
બીડાં—પાનનાં વાળેલાં પડીકાં અથવા બીડાંચો.
પાનશોપારી—મુખવાસ.
કુંવર—લાવશી.
અડાડયો—અડકાડયો, સપર્શ કરાવ્યો.
કશાને—કાઈને.
મીઠા—નામ.
જમવાનું—ભીશાન લેવાનું, ખાવાનું, આરોગવાનું
મઝા—ગમત, લજત, ખુશી.

મંછી-સ્ત્રીનું નામછે

પાઠ ૫૦

શરીર—ગાગ, દીલ, હાડ.
ગુમડા—મોટા ફોલ્લા
ઊલ—મોહોડામાની લાલ
ફીકર-ચીંતા, ધાસ્તી.
કોહ્યા—સડો.
ગંધાય—ખરાબ વાસ આવે
ધસવા—ચોળવા, મસળવા
મસળવું—ચોળવું ઘસવું.
દઈ—આપુ.
ચોખુ—સાફ, સ્વચ્છ.
ચોળીને-મસળીને
ધોએલાં—ઉજળાં કરેલાં, સાફ કરેલાં.

પાઠ ૫૧

ઉપણે-ભણે, કાપે, વાઢે.
લુઓ—ગોળ ભચકો.
ઉચલાવીને—ફેરવીને.
લાડવા-એક જાતની ખાવાની વસ્તુ.
ખેડવું—ખાતરવું
તાપ—ઉનું, તડકો, ગરમી.
પાકવું-પાકુ થવું.

કલેડું—રોટલા કરવાની કુંભારની ઠીબ, અથવા તાવડી.
લોઢો-તવો
શેકવુ ખરૂ કરવું તપાવવું.
વાવેછે-રોપે છે.
ઉગી-વધી.
લોટ—આટો.
ઘડે—બનાવે, કરે.
મેરે—બાજુ.
વાસ—આશરે

પાઠ ૫૨

ટીમણું—સુકેલું ઉપરણું, ફુલેલું.
ગભરાવવું-અકળાવવું બેભાન થવું
વારો—વખત, સમય
ખશેડયા—ધકેલ્યા, કાહાડયા
ધરાવું—સંતોષ પામવું
કોણી-હાથનો વચ્ચેનો ભાગ
ખઆડીને—લગાડીને, વળગાડીને
ખુબ—ઘણુંજ, બહુ
વાગી-લાગી,અથડાઈ પછડાઈ
રોતોરોતો-રડતો રડતો

આશો—છેડો, વેગળો, દુર
સામું—સનમુખ, સીધુ
દયા-રેહેમ, મેહેરબાની

પાઠ ૫૩

ઊંદર-ગણપતીનું વાહન
કાતરી-કરડી, કાપી.
લોક—માણસ, મનુષ્ય, જન
સતાઈ—છુપાઈ
ચંચળ-હોંશીઆર, ચપળ
તરત-તે વખત
સર્વ-બધા, સઘળા, તમામ
ફુંકતો-ફુંકો મારતો
ખુણે ખાચરે—આડે અવળે.
ભોય—જમીન, પૃથવિ. ભુમી,
દીઠામાં—દેખવામાં, જોવામાં
ઝાલવા—પકડવા
ઝટ—જલદી, ઉતાવળ, તાકીદ
કરડેછે—બચકાં ભરે છે
ખબર-માલમ. જાણ
બિલાડી—મની બલી મંજરી
મંજરી મની, બિલ્લી, બિલાડા
ચુકું ચાં—ઊંકે આં, લગારે અવાજ.

પાઠ ૫૪

રંજાડ-હરકત, વીપતી, નુકશાન, પીડા. દુઃખ
ધાડ—લુટારાનું ટાળું
બારાં—સારાં, નવાં, મઝનાં
મની—બીલાડી. મંજરી
ગવટ-બતી, વાટ, બરાબ?
કપડા-વસ્ત્ર, લુગડાં
ઉપાય—ઈલાજ
પાર-છેડો, કીનારો કાંઠો, અંત
વહેલા—બહુ, જલ્દી થયા
હારોહાર—હારબંધ
ધડબડ-દોડતા, કુદતા, ધમપછાડ કરતા.
માહાસુખ—મોહોટુ સુખ

પાઠ ૫૫

પાંદડાં—પાના, પાત્રાં, પાલો,
સાંભરેછે—યાદ આવેછે
બાપડી—ગરીબ, બિચારી
અે ઢું-અંગ ઢાકયું.
વાળ—બાળ, કેશ, નીમાળા
ભુલી—વીસરી, ચુકી
રંધાય-રસોઈ થાય, પકાય
કાચા—પુરા બફેલા નહી તે
નાહાના-ઠંડ

લાગ—લાગે

પાઠ ૫૬

આંચળ—થાઈ

ધાવતા—આંચળ મોઢામાં ઘાલીને ચુસતા

જોર—બળ, શક્તિ, કૌવત

કરડવા—બચકાં ભરવા

બકરા—બકરીના નર

પાઠ ૫૭

ઝાડપાલો—વનસ્પતી, ફળ ફળાદિક

નદીઓ—સરિતા, મોટા પાણીનો પ્રવાહ, ગંગા

મોળું—ફીકું, સ્વાદ વિનાનું

ખારૂ—ખારાશવાળુ.

કુવો—કુપ

મીઠું—સ્વાદવાળુ

તળાવ—નાનું સરોવર

લાવીએ—આણીએ

પાઠ ૫૮

લબાડી—લાબની ગોળી

ફરે—સાબીત થાય, માથે આવે

મહુ—માટું, વધારે

બીજ—[illegible]

ડુબવા ડહા

જુલી—વિસરી, ચુકી

ખરી—સાચી

પાઠ ૫૯

અધિપતી—રાજા, પૃથ્વિનો ધણી

પસ્તાય—વિમાસે. પશ્ચાતાપ કરે

પાછળથી—પછીથી, કેડેથી પછવાડેથી.

ઉઘાડું—ઉઘાડું, ખુલ્લું, જાહેર.

ઝલાય—પકડાય.

સમજી—માની, જાણી.

જ્યારે—જેવખતે.

બાંધી—લટકાવી, ટંગાવી.

ફજેતી—બદનામી

પાઠ ૬૦

આંગણું—ઘર આગળની જગા

પછીત—ઘરની પાછલી ભીંત.

છીંડી—ઘરની પાછળની છુટ.

અગાશી—ધાબુ.

અજવાળું—અજવાસ, તેજ, પ્રકાશ, ઉજેશ.

ચોક—ઘર વચ્ચે ઉઘાડી જગા.

કરા—ઘરની આસપાસની ભીંતો

ઓટલો—બારણા આગળ ચણેલ

લો ચોરો

મેડો—માળ, મેડી.

ભીંત—દીવાલ.

ઉઘાડી—ખુલ્લી, જાહેર

પાઠ ૬૧

રસોડું—રાંધવાની ઓરડી.

ભંડારીઆં—તાકાં, હાટડા.

પાણીઆરૂં—પાણીનાં બેડાં મુકવાની જગા.

ટાંકાં-પાણી ભરી મુકવાના ઊંડા એવા ખાડ.

ઓટલી—નાનો ઓટલો.

અંધારૂં—તિમર, અંધકાર.

રસોઈ—પાક, જમણ.

ધુમાડો—ધુણી.

ગોટાય—ફેલાય, ગુંચાય, ભરાય.

જાળી—લોઢાના સળીયાનું ગુંથેલું બારણું.

બારી—કમાડ.

ધુમાડીયું—ધુણી જવાનું બાકું.

ચોકડી—ખાળ અથવા પાણીઆરા આગળ ચુનાની ઓટલી

છો—ચુનેથી બને છે તે.

[illegible] લઈ જવું.

ગોખલા-તાકા, હાટડાં

નીસરણી—સીડી.

મુકેલી-રાખેલી.

ઢાંકવાને—સંતાડવાને.

બેડાં—પાણી ભરવાનાં તાંબા પીતળના વાસણ

થોડુંજ—જરાક.

ફેલાય—વેરાય, અટકાવાય

પાઠ ૬૨

કુકડી—મરઘડી.

બચ્ચાં—બાળક.

ખડખડે—અવાજ થાય.

દીપે—શોભે, પસે.

ભાતભાતનાં-તરેહ તરેહનાં, જાત જાતના.

ઉકરડા—છાણ અથવા ખાતરના ઢગલા.

ખાતરવાની-ખોદવાની, ઉખેડવાની.

વાહાણું—સવાર, પ્રાતઃકાળ.

શોધે—સાચવે, ઉછેરે, જાળવે

બીકણ—બીહે તેવું,

ચસવું-ઘોડવું, દોડવું.

ઝોકવું-ખીજવવું, વતાવવું.

માંજર—માંથાપરની કલગી.
પીંછાં—પક્ષીની પુંછડી જેની ઉપર ખની હોયછે તે.
ધંધો—રોજગાર, કામ, ઉદ્યમ.
વળગવું—ચાઝવું
જાળવે—સાચવે, સંભાળે
કાયર—સુરત, સુર વગરના.
ચળકતાં—તેજસ્વી, ચકચકીત. ઝળકતાં.
રંગ—વરણ
રૂપાળો—રૂપવાળો.
રોજ—હમેશ, સદા, નિત્ય.

પાઠ ૬૩

કીડી—નાના મકોડી.
સાપ—સરપ, નાનો નાગ.
ભણતો—શીખતો, અભ્યાસકરતો.
ચગદી—દાબી, ચાંપી, પીલી.
છેલ્લીવારે—આખરે, છેવટે.
પ્રાણ—જીવ, આત્મા, જાન.
વેહેર—અદા, દ્વેષ,
લગારેક—થોડું, રજ, જરા
ચટકા—ડંખ.
નાગ—મોટા સાપ, ભોરંગ.
ઘેલાયું—ઉઝરડાયું
ફેણ—ફણ, ફેણા.
જીવ—પ્રાણ.
નબળા—અશક્ત
પેસતાં—પ્રવેશ કરતાં, જતા.
લોહી—રૂધીર, શોણીત.
પાંગળ—જખમ થએલો.
પેરે—રીત, ભાત.

પાઠ ૬૪

છોડવા—નાના ઝાડ.
મુળીઆં—મુળડીઆં, જડ.
ઉગે—ખચે, ઉગરે.
વાદળ—વાના જથા.
વાટે—રસ્તે, માર્ગે, પંથે.
ઓગળે—પીગળે, બળે.
વેહ—કાણું, છીદ્ર, સાહાર.
ફરો—તરવ, રતવ.
થડ—ઝાડનાં ડાળાં જેમાંથી ઉગે છે તે.
ડાળાં—ડાંખળી, શાખા.
ફુલ—પુષ્પ.
ફળ—મેવો.
શાક—તરકારી, ભાજી.

પાઠ ૬૫

લીલા—લીલાશવાળા

કરમાઈને-સુકાઈને, વીલઈને.
સીઆને-પાઇને, પુટો આપીને
છાંટવું—છંટકાવ કરવો.
કચરે-કાદવે, કીચડે.
સુકાવું—વીલાઈ જવું, કરમાઈ જવું
ટટાર—ઉભા.
તાજા—તૈયાર, પુષ્ટ.
વરસતો—પડતો.
બીચારા—ગરીબ, બાપડા.
લુલા—લંગડા.
મજાના—લજાતદાર, સારા.
રીસાળ—ક્રોધી, ગુસ્સાવાળો, આંજી.
પીરશેલી—પુરેલી, મુકેલી.
વેદના-દરદ, દુખ
પુછે-નડે, ઈજા કરે.
રીસાયો—રીસાઈ ગયો
મુદલ—લગાર, જરી.
ભાંડુ—ભાઈ બહેન.
વીંછી—વીંછુ.
ચેન—સુખ
મજા—મેહની.
આબુ—સારે,

મુકયો-મેલ્યો.
દુધપાક-દુધ ચોખાનો પાક

પાઠ ૬૭

તણખલાં-તરણાં, ગરેખડાં
ઠડાં—અડ
રૂ—કપાસમાથી નિકળે છે તે.
ગામ—ગ્રામ.
આખુ—બધું.
ધીમે ધીમે—આસ્તે આસ્તે.

પાઠ ૬૮

પાલો-પાન પાંદડાં.
ઝાઝવાં—ઝળ ઝળીયાં.
તેજ-પ્રકાશ, ચળકાટ, નુર.
સુરજ—સુર્ય, રવી.
ગરમી-તાપ, તડકો. ઉષ્ણતા
નિપજ્યું—પેદા થયું, બન્યું.
સર્વે—બધાએ.
થાળી-જમવાનું વાસણ.
ટાઢ—ઠંડ શીત.
આંખે—નેત્રે

પાઠ ૬૯

બગાડ—નુકશાન, હાની.
વાજો—હોડજો, વારે આવજો
સીમમાં-ખેતરમાં, સીમાડામાં.

અતરવાળા — અતરના ગાગુરા, અદ્ભુત.

ગભરાઈ — અકળાઈ, બેભાન થઈ

ભેતરવું — ઠગવું. ફોસલાવવું.

આગાપાછા — આગળ પાછળ.

ખેડુત — જમીન ખેડનાર.

ચારતો — ચરાવતો. ખવરાવતો

ધુમો — મોટો રોડો

શરમાઈ — લજવાઈ, ઓઝપાઈ

નુકશાન — ખરાબી, બીગાડ

પાઠ ૭૦

ધસવું — દાખલ થવું, પેસવું.

પામીએ — ખમીએ, ભોગવીએ.

ભસવું — કુતરાનું બોલવું.

લોહીઝાણ — લોહી ચુતો.

તુટી પડવું — એકદમ પડવું.

શોબત — સંગત.

લાગ — દાવ, તક.

ફાવે — ચાલે.

પાઠ ૭૧

પજવીએ — પીતાડીએ.

ઉગાડીએ — ઉછેરીએ.

માહોમાહે — પોત પોતામાં, અંદર અંદરમાં.

ફંગોળીને — ઉપરાંપીને

કુભાય — દુભાય. ખોટું લાગે.

રાજી થવું — ખુશી થવું

હેત — માયા, ચાહના, પ્યાર.

ઉપરાણીને — ઉપાડીને. ગળાને.

સાંધા — પત્તો.

પાઠ ૭૨

વાહાલો — પ્યારો.

ચીજ — વસ્તુ.

ઊંચો — આઘો, દુર

ગરેવ — જમીન, ધરતી.

અંધારધાર — અંધકાર.

ગગન — આકાશ

પરમેશ્વર — ઈશ્વર.

તડકો — તાપ, ગરમી.

પાઠ ૭૩

કરનાર — બનાવનાર, કર્તા.

જગ — દુનિયા, સંસાર, આલમ.

સરજનાર — પેદા કરનાર, ઉત્પન્ન કરનાર.

મહિમા — માહાત્મ, કીર્તિ, વખાણ, વિખ્યાતી.

ભજવા — જપવા. ભજન કરવા

આંબલી } ઝાડછે
કોઠી }

તારા—ગગન નક્ષત્ર, ચાંદરડુચો

દેવ—પરમેશ્વર, પ્રભુ, ઇશ્વર

ધરીએ—રાખીએ

નિશાળ—શાળા, ભણવાનુ ઠેકાણું

પાઠ ૭૪

રંગત—રંગેલી.

શો—સંખ્યા (૧૦૦)

થોથીઆં—પોથીઆં, થેપાડાં.

પાટી—લખવાનું લાકડાનું પાટીયું

વતરણું—કલમ, લેખણ.

એકડેએક—સંખ્યાનો પહેલો અક્ષર (૧)

મોઢે—મુખે, વદને.

ધુળ—ધેસુ, રજ.

તૈયાર—સાવચેત, ખરોબર.

સ્લેટ—પથ્થર પાટી.

ખડી—ધોળી માટી.

વાટીને—કચરીને, ભુકો કરીને.

પાઠ ૭૫

ચીતારો—ચીતરનાર.

ચડાવતો—ચોપડતો.

ખડીઓ—દુવાત.

હરડાંબેડાં—રંગાટીમાં આવનારા એક જાતનાં ફળ

હીરાકશી—એક જાતનો કાળો રંગ કરવાનું વસાણું.

ભાઇબંધ—દોસ્તદાર, મીત્ર.

શાહી—રૂશનાઇ

ખરૂ—સાટો.

ગાંધીને—કરીઆણું વેચનારને.

લેખણ—કલમ, વતરણું.

પાઠ ૭૬

બાજુબંધ—હાથે પહેરવાનું એક જાતનું ઘરેણું.

કંદોરો—કેડે પહેરવાનું ઘરેણું, કટીમેખળ.

ધનતેરસ—ધન ધોવાનો દાહાડો, આશોવદ તેરશ.

ટુંપીયો—ગળચવો

છલીઆ—બાયડીઓના પગની આંગળીઓનાં ઘરેણાં.

મોરચી—પોંચી.

વાનાં—વસ્તુઓ, ચીજો.

કડાં—હાથે પહેરવાનાં ઘરેણાં.

સાંકળાં—તોડા.

ચોકડાં—કાને પહેરવાનું ઘરેણું

અંકોટી—સ્ત્રીને કાને પેહેરવાનું ઘરેણું.
વીંટી—મુદ્રીકા, આંગુઠી
પોંચી—ખેરખા.
પાટલીયાં—તુશી.
બાઇડીઓ—સ્ત્રીઓ, બઈરીઓ
ધોતાં—સાફ કરતાં.

પાઠ ૭૭

બીજા—બેઓ.
કીમત—મુલ.
ઉળપુણી—કાશ.
પાવડો—એક જાતનું ઓજાર
શોનેરી—શોનું બનાવેલું.
બુટા—કશબની ભાત.
સાંકળ—લોઢાની રાકળી.
નકુઓ—નાકાવાળો ખુટો.
ડોકું—કંઠ, ગળુ

પાઠ ૭૮

હડપચી—હોઠની નીચેનો ભાગ
ગાંસડી—પોટલી, બચકી, બીંદડી
લમણું—આંખ અને કાનની વચેનો ભાગ.
ખોપરી—માથાના વાળ.
બોચી—ગરદન.
મોખરો—મોહો આગળ.
ચોટલી—કેશ, શિખા.
ચોટલો—વેણ
હોઠ—હોસ્ટ, અધર.
કોટ—હોઠની નીચેનો ભાગ.
પછવાડે—પાછળ, પાછલી બાજુએ.
મજુર—હેલકરી, મેહેનત કરનાર.

પાઠ ૭૯

વાંશો—પીઠ, બરડો.
ઢીંચણ—ઘુટણ, પગનો વચલો ગાળો.
ખભા—સ્કંધ, ખાંધ.
હાથેળી—આંગળાં અને કાંડાની વચેનો ભાગ.
બગલ—કાખ.
કેડો—કમ્મર
કાંડુ—હાથને પંજાની વચેનો ભાગ.
નખ—નોહાર, નખોરીઓ.
ગાળો—વચલો ભાગ.
થાપા—ઢીંચણની ઉપરનો ભાગ
સાથળ—જાંગ
નળો—પગની ઘુંટીથી ઘુટણ સુ

બીજો ભાગ
તળીયું—પગની તળેનો ભાગ
એડી—પગનો ઘુંટણ સુધીનો ભાગ
ઘુંટી—પગના પોપડાની બાહાર નીકળેલું હાડકું
આગ્યું—આગળ
છાતી—સ્તન હૈયું, હૃદય

પાઠ ૮૦

આંબાવાડીયું—આંબાની વાડી
ટપૈયા—આરેયા, ટોકયા
ઝાંપો—દરવાજો, આખરાનું બારણું
રખવાળ—રખેવાળ, ચોકીદાર
પોહોચ્યો—મળ્યો, ભેગો થયો
કેરી—આંબાનું ફળ
વલે—દશા, હાલત

પાઠ ૮૧

સંગ—સોબત, સંગત
પ્રેમ—હેત, પ્યાર
ભાગ્યશાળી—સારા ભાગ્યવાળો, નશીબવાન
ઠામ—ઠેકાણું, જગો
કરશે—થોભશે, અટકશે
ખુટે—ખોટે, નઠારે
ખાંડ—મીસરી

પાઠ ૮૨

જલેબી—એક જાતનું ખાંડનું પાયેલું પકવાન
પોર—ગયે વર્ષે, બીજે વર્ષે
પકવાન—મીઠાઈ, સુખડી
હારડા—હાર, માળા
માખરા—ઘઉંના જાડા રોટલા.
માણે—જમવાને આનંદે
પતાસાં—ખાંડની ચાસણીના કરેલા પરપોટા
બરફી—મીઠાઈના ચોસલા
ઘેબર—એક જાતનું પકવાન તેવું જાડું રોટલાના
કુતરો—શ્વાન, કુતરીનો નર
ખાતર—ચોરી
જડયું—મળ્યું
દાટવું—છુપાવવું, જમીનમાં દાટી ઘાલવું
ખાનવું—ખોદવું, ઓદવું
નજર—દ્રષ્ટી, રેત
ચોર—ઠુંગો, ચોરી કરનાર
ખાતર પાડીને ચોરી કરીને.
ધન—પૈસા દ્રવ્ય
પિછાડી—પાછે, ઉપરાણે

પાઠ ૮૪

મેળાપ—સંજોગ, મળવું
શેખી—બડાઈ, મગરૂરી, પતરાજી
રડ્યુંખડ્યું—કોઈક, જવલે.
મોંઘું—વધારે કીમતવાળું, અછતવાળું.
પડભડ્યો-લડાઈકરી, ઉતરી પડ્યો
તકરાર-કજીઆ, લડાઇ, ટંટા.
સામટા—એકીવારે, બધું.
શાહુકાર-શાહ, પ્રમાણિક, આબરૂદાર.
જમણ—જમવાનું, ભોજન.
ખરીદવું-વેચાથી લેવું.
હાંલ્લું—કચરાનું કાણું વાસણ.
લેખું—ગણતરી, હીસાબ.
અપાણું-આચાર, આપેલું.
જણીઆ—જણ
ભેગું—એકઠું, સાથે.
સાંટો—અવાજ, રાગ, ઉચ્ચાર, શ્વાસ, બુમ.
સાકર—ખાંડની ચાસણીના કરેલા ગાંગડા.

પાઠ ૮૫

ભાગ—કાંસો, કાંટો.
કોતરવું—કાણાવાળા કરવા.
વાઘરી—એક જાતની જાતી.
મરડવું—મચરડવું, વાળવું.
રમકડી—રમ્મતી.
ભુખ્યા-દગાવાળી, કપટી, ઠગણી

પાઠ ૮૬

ખાડમાં—ખેતરમાં, જંગલમાં.
ફુલાવવું-ઉપસાવવું
ખરચખુટણુ—વાપરવું, ખરચકરવું
તાલેવન—શ્રીમંત, ધનવાન.
પૈશાદાર—તવંગર.
મસ્ત—હઠ, વાદ વિવાદ.
ગજુ—શક્તિ, તાગાદ, બળ
ખરેખરી—ખીજાના જેવું

પાઠ ૮૭

આડોશીપાડોશી—પાસે રહેનાર
જાગવું—જાગરૂત થવું.
ગુણપાડ—આભાર, ઉપકાર.
ધણી—માલેક, ઉપરી
રખવાળી—ચોકી, સાચવણી.

પાઠ ૮૮

કંદાઈ—મુખડીયા.
ખડકી મુકયાં—ગોઠવી મુકયાં.
સાકરીયા—ખાંડની ચાસણી મઢાવેલા.
ચકરડી—ફુદરડી.
લાકડાનો—કાષ્ટનો.
મીઠાઈ-હરેક જાતનું પક્વાન.
પાલખી—સુખપાલ.
ચાસલાં-ચોખંડા ટેપલાં.
રમકડાં—રમવાની વસ્તુઓ
ઠઠ—ભીડ, જથો, ટોળી.
ગાડીઓ—નાનાં ગાડાં.
કાપરાપાક—

ભમરડા—લાકડાનું રમકડું.
ઘંટી—ચક્કર, દળવાનું યંત્ર.

પાઠ ૮૯

પંચરાઉ—પરચુરણ.
નાગલી—બાવટો, એક જાતનું અનાજ.
અપવાસ—ભુખ્યું રેહેવું,લાંઘણ
રાજગરો—એક જાતની ખાવાની વસ્તુ.
કોદરા—એક જાતનું અનાજ.
મકાઈ—એક જાતનું અનાજ.
બંટી—એક જાતનું અનાજ.
બાવટો—નાગલી.
તુવેર—એક જાતનું કઠોળ.
મગ—એક જાતનું કઠોળ.
ઘઉં—ગોધુમ.
ફરાળ—ફળ ખાવું, ફળનો આહાર
વટાણા—એક જાતનું કઠોળ.
જાર—જુવાર.
ડાંગર—જેમાંથી ચોખા નીકળે તે.
વડી—ચોળાની દાળ વાટી મશાલો નાખી ટપકાં મુકે છે તે

પાઠ ૯૦

ઘાંચી—ઘાણી પીલનાર.
પીલવું—તલમાંથી તેલ કાઢવું.
ડોળીયું—ડોળીનું તેલ.
દિવેલ—એરંડીયું.
…શીનું તેલ.
સરશીયું—સરસવનું તેલ.
એરંડા—જેમાંથી એરંડીયું નીકળે છે તે.
ફોલ્લા—ઝરોલા, ફરોલા.
સરસવ—જેમાંથી સરશીયું નીકળે છે તે.
ખોળ—તલના કુચા.
હકીકત—ખીના, વાત, વર્ણન.

પાઠ ૮૧

કાચુંકોરૂં—રાંધ્યા વગરનું.
દારૂખાનું—આતશબાજી.
જાળાં—ખઉઆં
ઉધેઇખુધેઇ—એકજાતના જીવ.
ખંખેરી—ઝાપટી.
શીરો—એક જાતની ખાવાની વસ્તુ.
મઠીયાં—મઠના પાપડ.
સંજોરી—મશાલો ભરેલી એક જાતની પુરી.
ગેરૂ—રમચી.
ખચકો—ગાંસડી.
પટારો—મજુશ, મોટી પેટી.
ખરખરીને—ખરેખરો, ખુબ, બહુજ.
ફુલકણી—કાગળમાં દારૂ ભરેલી ભુંગળી.
ફટાકા—ફટાકીયા, ટેટા.
છછુંદરાં—એક જાતનું દારૂનું રમકડું.

ઘુઘરા—એકજાતનું સારૂ ભોજન / મોટા ખડકો.
કોઠીઓ—દારૂ ભરેલા કચરાના / ખાંડેછે—ફોડેછે, વધારેછે.

૧ સુંદર ચોપડીઓ સારી દેખાય, અને તે દેખીને મન રાજી થાય, પણ જોને વિગતથી વંચાય તોજ તેમાંથી કામ થાય (૧) જેમ જેમ તન દઈને વાંચે તેમ તેમ સ-મજણ આવે, પરંતુ જે વાંચે છે પણ તેનો વિચાર કરતા નથી તેઓ બધો અર્થ સમજી શકતા નથી (૨)

૨ વરસાદ તું આવ કે જેથી ઘેબરીયો પ્રસાદ ઉની ઉની રોટલી ને કારેલાનું શાક. (૧) વરસાદ તુ નેવે પાણી પડે તેમ આવજે કે જેથી દેડકાં ઉત્પન્ન થાય ને નઠારી છોકરીને ખેંચી જાય. (૨)

૩ વાડામાંથી એક પાડું છુટું થઈને ઘણો ચારો ચરવાને વગડામાં ગયું. પછી ત્યાં તેને વાઘે મારી નાખ્યું એવી રીતે એ અણસમજણથી દુખીયું થયું માટે જે મા સમજણ થી સ્વતંત્ર થાય તે અંતે આ પાડાની માફક દુખી થાય(૨)

૪ દરરોજ નિશાળે જઈ ચીત લગાડીને ભણવું, અને સારી રીત રાખીને ગુરૂ જે શિખામણ દે તે માનવી; (૧) રમતમાં મન ઘાલશો નહી, અને સારી પેઠે સમજજો વળી નિશાળમાંથી નિકળીને પાંશરા ઘર તરફ જજો. (૨)

૫ ગાયમાં ગણી શકાય નહી તેટલા ફાયદાછે, અને તે બધાને સુખ આપનારી કેહેવાય છે, ને દહી દુધ, ઘી, આપે છે, અને તે સર્વ માણસ ખુશીથી ખાયછે. (૧) ચાર પગ વાળાં જાનવર, પક્ષી, સ્ત્રી તથા માણસ એ સર્વને જ-ન્મ થતી વખત થી તથા દુધ જીવને આશ્રો આપનાર છે.

૬ જે પુરૂષ કોઈ વખત પણ જુઠુ બોલે, તે પાકે-ખરો પાપી થાય, માટે બાળકો એ ઉપાય તમે કદી કામે લગાડશો નહી (૧) સાચુ બોલવામાં ઘણુંજ સુખછે. સાચ બોલવાથી બધાનો પ્યાર વધેછે. વળી સાચા

સરજનાર જે પ્રભુ તે પણ ખુશી થાય છે, અને સાચાઈથી આપણું શરીર પણ સારૂ દિપે છે. (૨)

૭ માળો બાંધવા સારૂ જુવો કાળો કાગડો બેઠો છે તે ને બે પાંખો છે ને તે બોલે છે, પણ તેનો રાગ કાંઈ સારો નથી(૧)જો કોઈ માણસ કાંકરો લઈ તેને ઝડપથી મારવા મન કરે તો તે ચંચળ પક્ષી મનમાં સમજીને ઉડી જાયછે. (૨)

૮ ઊંદરો હારબંધ વધી પડ્યા, તેમને પકડાએ કઈ એમ તોએ પાર આવતો નથી, રાતરે તેઓ એવા બમ પછાડ કરવા મંડી જાય છે કે જાણે લુટારાઓની ટોળી પડી(૧) તેઓ સુંદર વસ્ત્ર કરડી ખાયછે, ને દીવામાંથી બતી લઈ જાયછે તેઓને પકડવાનો હવે એકે ઈલાજ સુજતો નથી. પણ બીલાડી મળે તો મોટું સુખ થાય (૨)

૯ ચોરીમાં સુખ સમજીને જે માણસ ચોરી કરી રેહેછે પણ જ્યારે તે ચોરીથી થતું દુઃખ સહન ન થવાથી પશ્ચાતાપ કરવો પડે છે. (૧) જે વારે ચોરી ઉઘાડી પડે છે, અને ચોર પકડાય છે, ત્યારે રાજા તેને બાંધીને ફટકા મારે છે, ને તેની પુરી અપકિર્તિ થાયછે

૧૦ ભાઇઓ આ જંગલી ઝાડ જુવો, તેમાં સઉથી તાડનું ઝાડ ઊંચુ છે; તેમાં કોઈ આમલી, આંબા ને કોઠીનું છે અને તે બધાનાં ફળ પણ જુદાંછે(૧) જે આ દુનિયાં સુર્ય અને તારાનો બનાવનાર છે તેજ અમારો મોટો પ્રભુ છે, જેથી અમો તેની ભકિત કરવાની ટેવ રાખીએ છીએ.

૧૧ જેને જેવી શોબત હોય તેવો રંગ ઘણું કરીને બેશે જેને જેવી સંગત હોય તેને તેવીજ પ્રીત વધે. જેને જેવી સંગત છે, ને તે તેવાંજ કામ કરશે, અને જેને જેવી શોબત તે તેવેજ ઠેકાણે જઈ ઉભા રેહેશે. સારી શોબત હશે તે સારા બનશે અને નઠારી હશે તો નઠારા બનશે, પણ જો સારા ૧૨ શિખવનાર હોયતો તેની સંગતથી નશીબવાન વિદ્વાન બને.

સમાપ્ત.

જાહેર ખબર

આર્ય બાળકોને ધર્મ શીખવવામાં આવે છે તે માટે આ નીચે મુજબ ચોપડીઓ છપાવવામાં આવી છે સહુએ લાભ લેવા ચૂકવું નહીં.

૦-૧૨-૦ પહેલી ચોપડીના અર્થ
૦-૨-૦ બીજી ચોપડીના અર્થ
૦-૩-૦ ત્રીજી ચોપડીના અર્થ
૦-૪-૦ ચોથી ચોપડીના અર્થ
૦-૫-૦ પાંચમી ચોપડીના અર્થ
૦-૬-૦ છઠ્ઠી ચોપડીના અર્થ
૦-૧-૦ સાતમી ચોપડી ટાઈપની
૦-૬-૦ દેવયજ્ઞનું ગાયન
૦-૫-૦ મંત્ર પ્રકાશ
૦-૪-૦ સુખમણી (સંસ્કૃત) સાથે
૦-૧-૦ પંચ મહાયજ્ઞની પુસ્તક
૦-૨-૦ નીતિશાસ્ત્રના સવાલો

એ સિવાય બીજી ઘણી જાતની ચોપડીઓ આર્ય સમાજ પાસે મળશે. આર્ય સમાજ મંદિર ... ના મકાનમાં (મેકલોડ) રસ્તામાંથી મળશે.

લાલચંદ આત્મારામ